# 'સંસ્થાન રાજપીપળામાં ભક્ત સમાજ દ્વારા નવી વસાહતનો વિકાસ'
## (૧૯૦૦ થી ૧૯૪૫) - ઐતિહાસિક અભ્યાસ

પ્રા.પ્રદ્યુમનસિંહ જી. મહિડા
ઈતિહાસ વિભાગ
સરકારી વિનયન કૉલેજ,ઝઘડિયા

પ્રાચીન સમયથી નંદીપદ્ર,નાન્દીપુર,નાંદોદ માંથી ક્રમશ: રાજપીપળા તરીકે પ્રસિદ્ધ થયેલ આ પ્રદેશ વિપુલ કુદરતી સૌદર્ય, સંસાધન અને ભૂતકાળનો ભવ્ય વારસો ધરાવે છે. દક્ષિણ ગુજરાતમાં નર્મદા અને તાપી નદીની વચ્ચેના પ્રદેશમાં રાજપીપળા સંસ્થાનનો રાજ્ય વિસ્તાર હતો. આદિવાસી સંસ્કૃતી,ઘનઘોર જંગલો , સમૃદ્ધ ખનીજ સંપતિ, પર્વતીય પ્રદેશ તેની આગવી વિશેષતા હતી. આ રાજ્યના પૂર્વ દ્વારેથી પુરાણ પ્રસિદ્ધ નર્મદા નદી રાજ્યની સીમમાં પ્રવેશે છે. એ સ્થળે સીતાવાડીની ખીણ ઓળંગી આવતી દેવ નદી અને નર્મદા નદીના સંગમ સ્થળે શૂલપાણેશ્વેરનું પ્રસિદ્ધ સ્થાનક આવેલું હતું.(મૂળ શૂલપાણેશ્વેરનું મંદીર હાલમાં સરદાર સરોવરમાં ગરકાવ છે.) જ્યારે પશ્ચિમની સીમા નર્મદા કિનારેના કબીરવડ સુધી વિસ્તરેલી હતી. સંસ્થાન રાજપીપળાના વાલિયા તાલુકાના રાજ વિસ્તારમાં વસાહતીઓના આગમન અને વિકાસને અત્રે સંશોધીત કરવાનો નમ્ર પ્રયાસ છે. વાલિયા તાલુકો રાજપીપળાની દક્ષિણ સીમા બનાવે. સંસ્થાન રાજપીપળાના વાલિયા તાલુકાની પૂર્વ પટ્ટીમાં કે જે ઘનઘોર જંગલ,પથરાળ ઉચા-નીચા ટેકરાઓથી અને નદીઓના કોતરથી ઘેરાયલી હતી. ત્યાં નવસારી અને બારડોલી વિસ્તારના ઉદા ભક્ત સમાજના સાહસી,મહેનતુ અને મહત્વાકાંક્ષી યુવાનોએ તનતોડ મહેનત કરી નવી વસાહતો સ્થાપી. આ પ્રદેશમાં તેઓના આગમન ,સંઘર્ષ, વિકાસ અને સ્થિરતાનો ઈતિહાસ પણ સંસોધનનું એક ક્ષેત્ર છે.ઈતિહાસની આધુનિક વિભાવના પણ એવા લોકોના ઈતિહાસને જ.

આ વિસ્તારના ભૂતકાળ અને ભૂમિ પ્રદેશની વાતો કરીએ તો આ વિસ્તારની ધરતીનું બંધારણ મુખ્યત્વે સાડાત્રણ નદીઓથી થયેલું જણાય છે. ઉત્તર સીમાએ વહેતી અમરાવતી, મધ્ય ભાગેથી તાલુકાને ભેદતી કીમ નદી, પૂર્વ બાજુએ ઉમરપાડાના જંગલમાં જન્મી થવા આગળ કરજણમાં સમાતી મોહન નદી અને નાનછાળના પ્રદેશમાંથી નીકળી વાલિયા અને ડેડીયાપાડાની સીમા બાંધી આપી નર્મદાને મળતી કરજણ ઉર્ફે કર-ગંગાના અર્ધા ભાગથી. અહીની જમીન જ્વાળામુખીના કઠણ પથ્થરોની બનેલી છે.બોકસાઇટ,કોલસો,ક્વાર્ટ,મેગ્નેટિક, લેટરાઇટ જેવા ભૂમિ તત્વો અહી પ્રાચીન સમયમાં અહી લોખંડ ગાળવાના ઉદ્યોગની સાક્ષી પૂરે છે. અહીના ભુમિ તત્વોની માફક આ પ્રદેશનો ભૂતકાળ પણ સમૃદ્ધ છે. ગામોના પાદરે પુરાયેલા કે અર્ધ પુરાયેલા તળાવોના વિશાલ પાળાઓ, ખંડિત મુર્તિઓના અવશેષો , જુના કુવાઓ, નદી કિનારે મળી આવેલા રહેઠાણના ભગ્નાવેશો, વાસણોના અવશેષો, લોક મેળાઓની પરંપરા, ગુપ્ત અને ક્ષત્રપ કાળના મળેલા સિક્કાઓ તેની પ્રાચીનતાની સાક્ષી પૂરે છે. રાજપૂતોની માફક મુસ્લિમ બહાદુરખાન સામે રણ મેદાન ચઢેલા બાવન ભીલ શુરવીરોના પાળીયાની સાક્ષી ભીલોદના પાદરે હજી સચવાયને પડી છે. ઈ.સ ૧૮૦૦ થી ઈ.સ.૧૮૭૫ વચ્ચે સાગબારા,વાડી,વાલિયા,ભીલોદના ભીલોએ રાજ સત્તા સામે કરેલા બંડો તથા ઈ.સ. ૧૮૫૭માં દેશમાં વ્યાપેલી ક્રાંતિમાં આંબાપાણી અને ડાબા બાવડીના રણ મેદાનમાં ભીલોએ મોરચો માંડી કંપની સરકારની

તોપોના સામના કરેલા.જે ઈતિહાસમાં ક્યાંક ભૂલાય ગઈ. પરંતુ કાળક્રમે વાલિયાના આ વિસ્તારની સમૃદ્ધિ લુપ્ત થતી ગઈ.

**(અ) રાજ વિસ્તારની જૂની વસાહતો** :

વાલિયા તાલુકાના જે ભાગમાં નવી વસાહતો સ્થપાય ત્યાં પહેલા સરકારના દફતરે ચાલતા ગામો હતા. તે ગામોમાં વસ્તી ભીલોનો હતી. અને તેઓ છુટા છવાયા મકાનો બાંધી રહેતા. ખેતી માટે પૂરતા પ્રમાણમાં જમીન મળી રહે તેમ હોવા છતાં તેનો લાભ લઈ શક્યા નહી.વ્યસન, આળસ અને ઉધારી એ આ વિસ્તારની આખી ભીલ પ્રજાને પાછળ રાખી દીધી હતી. અહીં માંડવી,સોનગઢ, વ્યારા વિસ્તારમાં થયેલા દેવી અંદોલનના પ્રત્યાઘાત કે અસરો પડી ના હતી.તેથી તેઓ શિકારની લતમાં,દારૂ પીવામાં ખેતીને રઝળાવી દેતા. હોળી, દિવાળી,શરાદીયામાં નશો કરી રખડયા કરતા. આથી તેઓ દિવસે દિવસે કંગાળ થતા ગયા.

**(બ) રાજ વિસ્તારમાં વસાહતીઓના આગમન** :

ઈ.સ.૧૯૦૯-૧૦માં કોસંબા-ઝંખવાવ રેલ્વે લાઈન શરુ થઈ.આથી આ વિસ્તારમાં અવર-જવરનો અવકાશ થયો. એ જ વર્ષે ડભોઇના સાહસિક શેઠ મગનલાલ કપૂરચંદે વાલિયા તાલુકાની હદની અમરાવતી નદી ઓંળગી ૨૧૦૦ એકર જમીન રાજપીપળાના નરેશ પાસે માંગી. રાજપીપળાના નરેશે રાજ્યમાં આબાદી થાય તે હેતુ થી ચાર વર્ષ સુધી મહેસુલ માફીની શરતે જમીનો આપી. તેઓએ ત્યાં હરીપુરા ગામ વસાવ્યું.

આ પછી રાજપીપળાના અગ્રણી શેઠ છગનલાલ હરિવલ્લભદાસ બક્ષીએ વાલિયા તાલુકાની પૂર્વમાં ૨૭૦૦ એકર જમીન રાખી. તેમને રાજપીપળા નરેશે પાંચ વર્ષની મહેસુલ માફી આપી. તેમના પછી આવનારા નવા વસાહતીઓને તેમની ખુબ હુંફ અને સહાય મળી.

ઈ.સ.૧૯૧૭માં સુરતના શેઠ ઝવેરચંદ પદમાજી પરમારે આ વિભાગમાં કેટલીક જમીનો રાખી નવાપુરા ગામ વસાવ્યું. આ ગાળા દરમ્યાન ભરૂચના કેટલાક કણબી ખેડૂતો જમીન ખેડવા આવ્યા. પરંતુ તેઓ ત્યાં કાયમી વસ્યા નહિ. અને જમીનો છોડી ચાલ્યા ગયા. આથી આ પ્રદેશોનો વિકાસ થયો નહી.પરંતુ આ વિસ્તારનો ખરો વિકાસ ઉદા ભક્ત સમાજના કબીરપંથી લેઉવા પટેલોના સાહસ અને પુરુષાર્થથી થયો.

**(ક) ભક્ત સમાજના વસાહતીઓનું રાજ વિસ્તારમાં આગમન**:

સુરત, નવસારી,બારડોલીના પંથકમાં વસેલી ઉદા ભક્ત લેઉવા પાટીદાર કોમના યુવાન સાહસિકો રાષ્ટ્ર ભક્તિથી રંગાયા હતા. સમાજની નવી પેઢી પરિવર્તન ઝંખતી હતી. અને તેમને યોગ્ય માર્ગદર્શન આપવાનું કામ કલ્યાણજીભાઈ મહેતા,મીઠીબેન પીટીટ,મોરારજીભાઈ દેસાઈ જેવા અગ્રણીએ આપ્યું.તે સમયના નવસારી પ્રાંતના કામરેજ તાલુકાના ઓરણા ગામના જીવણભાઈ મોરારભાઈ ભક્ત ગાંધી વિચારોથી પ્રભાવિત હતા. તેમણે વર્ષોના ખેડાણથી કસથી ઉતરતી જમીનો પર વધતી જતી વસ્તીને નિભાવી લેવા કરતા. રાજ વિસ્તારની વિશાળ ધરતીના પટ પર નવાં મંડાણ જમાવવાનું સાહસ કરવા પ્રેરાયા.તેમણે વાલિયાના પૂર્વ ભાગમાં ફરીને ત્યાંની પરિસ્થિતિ નિહાળી,માહિતી એકત્ર કરી. અને ઈ.સ.૧૯૨૦માં દોલતપુર ગામ પાસે ૬૦૦ એકર જમીન રાખી. અને તે દિવસથી બરબાદ થયેલી ધરતી પર આબાદીના શ્રીગણેશ થયા. ઈ.સ.૧૯૨૨ પહેલા બારડોલી,કામરેજ અને નવસારી પ્રાંતના કેટલાક ખેડૂતો જમીનની ભૂખ સંતોષવા રાજ વિસ્તારના જંગલોમાં ગયા. જેમાં ભુલાભાઈ હરિભાઈ,ધાતવાના ગોરધનભાઈ મયાભાઈ અને અસુન્દરાના ખુશાલભાઈ મોરારભાઈ મુખ્યત્વે હતાં. તે વખતે ત્યાં ન હતા રસ્તા કે પાણી પીવાના કુવા, ચીજ વસ્તુઓ માટે દુકાન ન હતી. અને વસ્તી પાંખી હતી. શરુઆતના વર્ષોમાં આ વસાહતોઓને ખેતીમાં યશ મળ્યો નહી. ઓરણાના જીવણભાઈ વસાહતીના અગ્રદૂત હતા. જયારે ધાતવાના ગોરધનભાઈ વસાહતીઓનો વિસામો હતા. તેઓ વસાહતી ખેડૂતોના સલાહકાર, સહાયક અને માર્ગદર્શક હતા.

### (ડ) પ્રારંભિક મુશ્કેલીઓ અને મુસીબતોની પરંપરા :

રાજ વિસ્તારોમાં સંસ્થાન રાજપીપળાના નરેશ દ્વારા જમીનો તો મળી પરંતુ ખરી મુશ્કેલી તો તે જમીન પરના જંગલોને સાફ કરવાની હતી. જંગલોની જમીનો સાફ કરવા જંગલી ઝાડ કપાવી રહે ને ટોલકા બાકી હોય ત્યાં ચોમાસું આવી રહે એટલે ત્યાં વાંસના ફણગાની જેમ પીલા નીકળી રહે ને પાછું જંગલ જામ્યું હોય તેવું દેખાય. ઘાસ બરુની જેમ ઉગી નીકળે અને દર્ભ પણ દમ બાંધીને ઉગી નીકળે. ઉપરાઉપરી વર્ષો નબળા ગયા. ઘરેથી લઈ ગયેલા બળદો પણ હવાપાણી માફક ન આવતાથી માંદા પડી મરી ગયા. હાળી પ્રથા અનુસાર સાથે લઈ ગયેલા મજુરો પણ બીમાર પડતા પાછા ભાગી આવ્યા. આમ ચારે બાજુની મુશ્કેલીથી આ વસાહતીઓ તકલીફમાં મુકાયા. પાણી પીવાના કુવા મળે નહી.ખાડી-કોતરના પાણીથી તરસ છીપાવવી પડે. મુઠી મીઠું જોયતું હોય તો પણ પાંચ ગાઉ ચાલવું પડે.માંદા-સજાની ખબર આપવા ટપાલની સુવિધા ન હતી. મોસમીયા તાવની બીમારીમાં દવા ન મળે.સતત સાત વર્ષ હિમના,દુકાળના અને ઉંદરના ત્રાસથી નષ્ટ પામ્યાં.આવી આપદાથી કેટલાક હારી ગયા તો કેટલાકે વતનની જમીન વેચવી પડી.અને કેટલાકને મોટા દેવાં થયાં. આવા સંજોગોમાં પણ આ સાહસિક ખેડૂતોએ જંગલો કાપી ,જમીન સમથળ કરી, ઘાસ અને દર્ભની જડો ખોદી ખોદીને જમીનને ખેતી લાયક જમીનો બનાવી.

### (ચ)ભક્ત સમાજ દ્વારા વસાહતોનો વિકાસ:

ઈ.સ.૧૯૪૦ સુધીમાં ધીરે ધીરે કરતા વીસ વર્ષના ટૂંકા ગાળામાં વાલિયા તાલુકાના પૂર્વ પટ્ટીની રાજ વિસ્તારની બધી જ સારી જમીનો આટોપાય ગઈ.નવા જનારા ઉદા ભક્ત સમાજના ખેડૂતો તથા અન્ય ખેડૂતો દ્વારા જે જે ગામોની જમીન રાખી તેની વિગતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | ગામનું નામ | રખાયેલી જમીનો એકરમાં |
|---|---|---|
| ૧ | આટખોલ | ૧૫૦૦ |
| ૨ | ઇતકલા | ૩૫૦ |
| ૩ | ઉતમનગર | ૧૦૫ |
| ૪ | કંબોડિયા | ૯૦૦ |
| ૫ | કેસર ગામ | ૬૦૦ |
| ૬ | કેલ્વીકુવા | ૧૪૦૦ |
| ૭ | કોયલી માંડવી | ૬૦૦ |
| ૮ | ગુંદીયા | ૧૫૦ |
| ૯ | ગારડા | ૪૦૦ |
| ૧૦ | ધાણીખુંટ | ૨૬૦ |
| ૧૧ | ચંદેરીયા | ૧૮૨ |
| ૧૨ | ચંદ્રવાણ | ૨૫૦ |
| ૧૩ | ચીક્લોતા | ૧૨૦૦ |
| ૧૪ | ચીખલી | ૬૨૫ |
| ૧૫ | ચાસવડ | ૧૦૦૦ |
| ૧૬ | જોખલા | ૧૭૦૦ |
| ૧૭ | ઝરણાવાડી | ૮૦૦ |
| ૧૮ | ઝરણા બ્લોક | ૨૮૮૬ |

| | | |
|---|---|---|
| ૧૯ | દેવ નગર | ૭૦૦ |
| ૨૦ | દાજીપુરા | ૨૭૫ |
| ૨૧ | દોલતપુર | ૮૦૦ |
| ૨૨ | નવાપુરા | ૫૦૦ |
| ૨૩ | નવીનગરી | ૮૨૮ |
| ૨૪ | નસરવાન પુરા | ૯૦૦ |
| ૨૫ | નાના જાંબુડા | ૪૭૪ |
| ૨૬ | નેત્રંગ | ૧૪૦૦ |
| ૨૭ | પંજાબ નગરી | ૧૩૭ |
| ૨૮ | પારસી ફળિયા | ૮૦૯ |
| ૨૯ | પાચમ | ૩૭૫ |
| ૩૦ | પેટીયા | ૨૭૦૦ |
| ૩૧ | ફોકડી | ૨૭૫ |
| ૩૨ | બક્ષીપુરા | ૯૦ |
| ૩૩ | બેડોલી નવી | ૪૦૦ |
| ૩૪ | બોરખડી | ૭૦૦ |
| ૩૫ | ભેસ ખેતર | ૪૩૨ |
| ૩૬ | ફોતની બેડોલી જૂની | ૧૧૫ |
| ૩૭ | ભુલેશ્વેર | ૬૦૦ |
| ૩૮ | મણીપુર | ૨૮૪ |
| ૩૯ | મોદલીયા | ૧૨૮૬ |
| ૪૦ | મોરિયાણા | ૪૦૦ |
| ૪૧ | ટીમરોલીયા | ૯૦૦ |
| ૪૨ | રાજપરા | ૪૦૦ |
| ૪૩ | વાંદર વેલી | ૨૦૦ |
| ૪૪ | વિજય નગર | ૪૪૨ |
| ૪૫ | સેવડ | ૪૭૫ |
| ૪૬ | સુકવાણા | ૫૦૦ |
| ૪૭ | સિંગલવાણ | ૧૫૦ |
| ૪૮ | હરીપરા | ૬૦૦ |

આ રીતે બહારથી આવેલા ખેડૂતોએ અથાગ શ્રમ ઉઠાવી વાલિયા તાલુકાના રાજ વિસ્તારના ૪૮ ગામોની કુલ ૩૩,૦૫૫ એકર જેટલી જમીનો આબાદ કરી. જે પ્રમાણે તેમણે જમીનો આબાદ કરી તે જ રીતે વસવાટ માટે નવા નવા ગામો પણ વસાવ્યા અને ગામે ગામ આ વસાહતીઓએ પાણીની સગવડ માટે કુવાઓ પણ કરાવ્યા.

**(છ) અન્ય પ્રવૃતિઓ:**

નવી વસાહતોના ખેડૂતો રાષ્ટ્રીય આંદોલનથી પણ વાકેફ હતા.તેમણે રાજપીપળાની પ્રજાની રાજકીય અભિલાષાને પોષતી ત્યાંની " લોકસભા"ને અપનાવી હતી. શ્રી ઠક્કરબાપાના પ્રમુખ સ્થાને લોકસભાનું એક અધિવેશન પણ નવી વસાહતના ગામ ચાસવડ ગામે ભરાયું હતું. ત્યારે જ ભીલ લોકોના વિકાસ માટે ભીલ પરિષદનું પણ આયોજન ચાસવડ ગામે કરાયું હતું.

બારડોલી સત્યાગ્રહમાં જેમની જમીન મહેસુલ ના ભરવાના કારણે જપ્ત થયેલી તેવા સ્વાતંત્ર્ય સેનાની મોરારભાઈ કરસનભાઇને કેલ્વીકુવા ગામે ૮૦ એકર જમીનની ભેટ આપી. તેમજ ચાસવડ ગામે રાનીપરજ સેવાશ્રમ નામની સંસ્થા શ્રીમતી મીઠુબેન પીટીટ અને શ્રી કલ્યાણજીભાઈ મહેતાના પ્રાયસથી સ્થપાય. અને ત્યાં દવાખાનું પણ ખોલવામાં આવ્યું. તે ઉપરાંત શાળા પણ શરુ કરવામાં આવી. આ સંસ્થાના નિભાવ માટે વસાહતીઓએ ૨૦૦ એકર જમીન ભેટ આપી. તથા ખર્ચ માટે ૨૦૦૦ રૂપિયા વાર્ષિક આપવાનું પણ નક્કી કર્યું. ત્યારબાદ દોલતપુર,કમ્બોડિયા,નેત્રંગ,કેસરગામમાં શાળાઓ શરૂ કરવામાં આવી.

આ ઉપરાંત ખેડૂતોની ઉન્નતી માટે સહકારી ક્ષેત્રનો પણ વિકાસ કર્યો. વસાહતીઓની ખેતીની મુખ્ય પેદાશ કપાસ હતો. તેને વેચવા દુર દુર અંક્લેશ્વેર કે ઝઘડિયા સુધી જવું પડતું. આથી ઈ.સ.૧૯૩૬માં નેત્રંગમાં જીનીગ એન્ડ પ્રેશિંગ સોસાયટીની સ્થાપના કરી. તેનું નામ ' શ્રી રાજપીપળા નેત્રંગ ખેડૂત સહકારી જીનીંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી લિ. રાખવામાં આવ્યું. આ જીનીંગ માટે રાજપીપળાના નરેશ શ્રીમાન વિજ્યસિંહજી મહારાજે રૂ.૩૦૦૦૦૦ની મદદ કરી હતી. આથી તા:૮ અપ્રિલ ૧૯૪૦ન રોજ જીનના મેદાનમાં રાજપીપળા નરેશ શ્રીમાન વિજયસિંહજી મહારાજનું માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું.

આમ રાજપીપળા સંસ્થાનના વાલિયા તાલુકાના રાજ વિસ્તારમાં નવું વસાહતો સ્થપાય. તેનો ઈતિહાસ ઘણો રસપ્રદ અને પ્રેરણાદાયી છે. આજે રાજ વિસ્તારમાં દેખાતી આબાદી વસાહતીઓના પ્રતાપે છે એમ નિઃસંકોચ કહી શકાય.

## સંદર્ભ ગ્રંથો:

(૧) Parmar, ladhabhai H.(Ed.), 'The Rewakantha Directory', Voll.2, Rajkot,1921

(૨) પટેલ ગોવિંદભાઈ મકનજી (સં), આબાદીના ઘડવૈયા, સ્યાદલા મઢી , ૨૦૦૫

(૩) ત્રિવેદી મણીભાઈ હ. રાજપીપળામાં નવી વસાહતનો વિકાસ ,અમદાવાદ, ૧૯૯૩

(૪) વૈદ્ય બાબુભાઈ, રેતીમાં વહાણ, ઓરણા,૧૯૯૫

(૫)કબીરવાણી અંક-૨૪૩, વર્ષ -૨૦૦૦

(૬) પટેલ ગોરધનભાઈ લ.(સં) આઝાદીના ઘડવૈયા, રામકબીર મંદિર ટ્રસ્ટ,સુરત,વર્ષ-૨૦૦૪

(૭) મહેતા કલ્યાણજીભાઈ વિ, કર્મયોગી મોરીરભાઈ પટેલ, રાષ્ટ્ર સેવાધર્મ પ્રશિક્ષણ યોજના,૨૦૦૪